મીનળ દેવી.

(પ્રથમ ભાગ શરૂ.)

લેખકઃ-મુળશંકર લક્ષ્મીરામ ભટ્ટ જેસરીઆ.

પ્રકાશકઃ-મુળશંકર લક્ષ્મીરામ ભટ્ટ જેસરીઆ.

C/o આર. એમ. દેસાઇની કંપની.

મુળજી જેઠા મારકીટ,

નવી ગલી-મુંબઇ.

પ્રત ૧૦૦૦. (આવૃતી ૧ લી) સં. ૧૯૭૩.

કીંમત ૪ આના.

શ્રી કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં રતીલાલ હરજીવન પટેલે છાપ્યું.

નં. ૯ અનંતવાડી-મુંબઇ.


પ્રસ્તાવના.

મારા માનવંતા ગ્રાહકોને વીનંતી કરૂં છું કે, આ પુસ્તકમાં લખતાં કે છપાતાં કાંઇ ભુલ થઇ હોય તો સુધારી લેશો. અને આશ્રય આપી આ પુસ્તક સ્વિકારશો.

આ પુસ્તક લખવામાં રાજ્યમાન પ્રભાશંકર વિશ્વનાથ દવે એમણે મને તન-મનથી સહાયતા આપી છે તો આ સ્થળે તેમનો આભાર માનું છું.

લી૦

મુળશંકર લક્ષ્મીરામ ભટ્ટ.



વિસેષ સુચના—તેમજ કોઇબી વખતે તમોએ કોઇબી ઠેકાણેથી ખરીદેલું હારમોનીયમ બગડી ગયું હોય અને તે હારમો-નીયમને પહેલા જેવું અને તેના કરતાં સરસ બનાવી રીપેર કરાવી તમારા મનને પુરતો સંતોષ મેળવી તમારા ખર્ચેલા રૂપીયા ફોકટ નહી ગુમાવવા હોય તો નીચે લખેલા સરનામા ઉપર હમારી દુકાને મોકલી દેવાથી એની રીપેરીંગનો યોગ્ય ચાર્જ લઇ હવા ટયુનીંગ વીગેરે દરેક રીતે નવા જેવું બનાવી મોકલવામાં આવશે, પરંતુ મેહરબાન હાર-મોનીયમ મોકલતાં પહેલાં હમોને લખી જણાવજો એટલે હમારી સગવડ મુજબ તમોને કાગળ લખી જણાવીશું. તમારા હારમોનીયમના ફક્ત સુરો તુટી ગયા હોય અથવા બેસુરા થયા હોય અગર ધમણ ફાટી ગઇ હોય તો, ધમણ રીપેર કરવાને રૂા. ૨ વાળું ચામડું મંગાવો અને નંબર બેનું લીસ્ટ તથા સુરની જાહેરાત મંગાવી વાંચી ટયુનીંગ કરી મેળવેલા સુરો મંગાવો ફક્ત સુરો તથા ધમણ વાસ્તે હારમોનીયમ મોકલવાની જરૂર નથી એ ધ્યાન રાખશોજી.

તાજા કલમ—હમારી દુકાનેથી હારમોનીયમને લગતો તમામ પરચુરણ સામાન છુટક તેમજ જથાબંધ કીફાયત ભાવે મળશે તેમજ હારમોનીયમ શીખનારના માટે પ્રખ્યાત મી૦ નાનાભાઇ દામોદરની બનાવેલી હારમોનીયમ ગાઇડો હમારે ત્યાંથી મળશે. ભાગ ૧–૨ અને ૪ થો તૈયાર છે; દરેક ભાગની કીં. રૂ. ૧

ઉતમ બનાવટનું ફરનીચર કયાંથી લેશો?

લગનસરા તથા ઘર સંસારી તરેહવાર જાતનું શોભીતું અને સંગીન પ્રકારનું ફરનીચર તથા સ્કુલો લાઇબ્રેરીઓ તેમજ કોલેજોને લાયકનું સર્વ પ્રકારનું ફરનીચર અમો કીફાયત ભાવે બનાવી આપીએ છીએ અને હુમેશાં તૈયાર પણ રાખવામાં આવે છે. જેથી એક વાર અમારા શોરૂમની મુલાકાત લેવા અરજ કરવામાં આવે છે, અસલ ઓસ્ત્રીયન બેન્ટઉડ ખુરશીઓનો નવો સ્ટોક ખોલ્યો છે.

૩૦ વરસના જુના અનુભવી,

મી. રૂસ્તમજી દીનશાહ બીલીમોરીઆ.

૬૦–બારભાયા મહોલો, પારસી અલાહી બાગ લેન,

જાહેર ખબર.

તુવરની દાળ.

મુંબઇના સુજ્ઞ ગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે હમારે ત્યાં હિંદુસ્તાનમાં વખણાયલી રાંદેર તથા સુરતની તુવરની દાળ મોટા જથ્થામાં રહે છે, તો જે ભાઇઓને જોઈતી હશે તેઓને બજારભાવથી જથાબંધ તેમજ છુટક રોકડેથી આપવામાં આવશે. એક વખત ખરીદ કરી ખાત્રી કરશો.

શા૦ કરશનદાસ ભાણજીભાઇ.

કમીશન એજન્ટ.

ઠે૦—દાણાબંદર ૩ જી ગલી

તથા

ભાતબજાર પુવારા પાસે—મુંબાઇ.

દોહરા.

સ્વયં બળે રચ્યું જગત આ, ઘડયા ગગન રવિ ચંદ,
પ્રેમ ધરી સમરૂં સદા, નાથ અખંડાનંદ. ૧

અર્પણ પત્રિકા.

હરિગીત છંદ.

સદગુણ મંડળ નીતિ નૌતમ વિમળ નાગર કૂળમણી,
ગિરજાપ્રસાદ દયા નિધી રતિ કિરતી જગ ઝળકે ઘણી;
ત્રણ પુત્ર જેના કુશળ ઇન્સાફી અદલ નિત્ય ન્યાયના,
જન હીત કરવા અંતરે છે વિશ્વમાં ભલિ ભાવના. ૧

વિદ્વાન ધર્મ નિધાન **મારકંડરાય** કુળ દીપક સદા,
વિદ્યા ખિલવવા અંગમાં છે હોંશ અવનવી સર્વદા;

શાણા સુભાગી ભાલમાં ચળકી રહી રેખા ભલી,
હરકત અનાથ તણી હણે અરજી ઉમંગે સાંભળી. ૨

ધનવંતરાય પ્રવીણ છે વહેપારના સહુ કાજમાં,
મુંબઇ પધારી મેળવ્યું બહુ માન સભ્ય સમાજમાં;
નેકી દિલાવર શાંન્તીવંતા ન્યાય દ્રષ્ટી અંગમાં,
પરમાર્થ કરવા પ્રેમથી દેખાય દિલ ઉમંગમાં. ૩

ગંભીર **વ્યંકટરાય** છે અમિરાઇ જેના બોલમાં,
સદબોધદાયક લક્ષ લાયક વદે વચનો તોલનાં;
અંતર ખુશાલી પૂન્યશાળી મિત્રમંડળમાં મળી,
શિલવંત વિનય વિવેક જેની કૃતી સરવસ નીર્મળી. ૪

છે હાટકેશ્વર દેવ જેના કનકની અંગે પ્રભા,
ભુવન ભલાં સોને ભર્યાં છે દેવની કેવી દયા;
થજો અમર કીર્તી જગતમાં આશીશ સ્નેહે ઉચરૂં,
લઘુ ગ્રંથ આ નીતી તણો તમ ચરણમાં અરપણ કરૂં. ૫

સદાનો આભારી,

મુળશંકર લક્ષ્મીરામ ભટ્ટ જેસરીઆ.

ॐ

શ્રી ગણેશાય નમઃ

મીનળ દેવી.

પ્રકરણ પહેલું.

મંગળા ચરણ સ્તુતિ–હરિગીત છંદ.

મંગળ સુવિમળ પ્રભાતમાં ઉદય થતો અંબર મણી.
જોતાં કળા ઝાંખી થઇ રજનીશ નભ મંડન તણી;
પ્રાચી દિશામાં કનક વરણી ઝળકતી વાદળ ઘટા,
છવરાઇ ભૂમંડળ ભલી તે નવલ તેજ તણી છટા. ૧

ખળ ખળ વહે સરિતા તણાં જળ હર્ષનાદ ગજાવતાં,
પંખી મધુરા ટહુકડાથી ભવ્ય ભાનુ વધાવતાં;
ફળ ભારથી શાખા નમાવી વૃક્ષ કરતાં વંદના,
પુષ્કર તરંગો ઝીલતાં ખીલ્યાં કમળ આનંદમાં ૨

વહિ મંદ શીતળ લહેરમાં મંજન અનીલ કરાવતો,
દધિ ઉછળતો જગદીશની જયકાર ધુન્ય ગજાવતો;
દે તું ધિરજ આકાશ સહુને શામ રંગે ભાસ તું,
શાંન્તી પ્રભાની છાંયડીમાં જગત સઘળું છાજતું. ૩

જન સંત સદ્દવૃત્તી સજી આરાધ સુર આલાપતા,
ચિત પ્રગટતા ઘન પ્રેમ કેરાં બિન્દુઓ વરસાવતા;
ધરણી ક્ષમાં ધારણ કરીને ક્ષમા સહુને આપતી,
પ્રાતઃ સમય વંદન કરૂં નિરખી પ્રભૂ તારી કૃતી. ૪

મંગલ પ્રભાતના સમયમાં, પવનની શીતલ લહેરો નવ પલ્લવ ખીલેલા પુષ્પ વૃક્ષોની સુગંધ પ્રસરાવતી હતી; મધુકરોનો ગુંજારવને વસંતને ચાહતી કોકીલાના મધુર ટહુકાર કર્ણ ગોચર થતાં હતાં, આમ્ર વક્ષના સુવાસીત મહોરની ભભક વ્યથીત થયેલા દીલને પ્રસન કરતી હતી, આ સમયે બગીચાના મધ્યસ્થાને પુષ્પ વેલીઓથી સાંદર્યમાં વૃધ્ધી કરતા, ભવ્ય મહાલયના ઝરૂખામાં, એક દિવ્ય રાજવંશી, પુરૂષ,

દંત ધાવનના કાર્યમાં પ્રવર્તાએલો હતો, તેવામાં મહેલથી થોડે દુર બગીચાના રક્ષક એક માલીની સ્ત્રી લલીત અને મધુર સ્વરથી ઝુલણું ગાતી પોતાના બાળકને પારણામાં ઝુલાવતી હતી, તે સંગીત તરફ રાજાનું દીલ આકર્ષાતાં પ્રેમથી શાન્તપણે સાંભળવા લાગ્યો.

માલીનીનું ઝુલણું-રાગ હીંચ.

પ્રેમ ઝુલણે હિંચોળુ હુલાસ ધરી પ્યાર, પ્યારા બાળક ઝુલો પારણે.
પુત્ર તણે પગલે શોભાવી આ ઝુંપડી,
પુત્ર વિના સુનો આ સઘળો સંસાર પ્યારા બાળક ઝુલો પારણે.
પુન્યને પ્રભાવે મનુષ્ય દેહ ઝુલણું,
પામ્યો ભવ સિન્ધુ તરવાને અવતાર-પ્યારા બાળક ઝુલો પારણે.
નીતી ધરી દુનીયામાં આ ભવ સુધારજે,
શાંન્તીના પાડજે તું ઘટમાં સંસ્કાર-પ્યારા બાળક ઝુલો પારણે.
પુત્રનું અમુલ્ય ધન સાચું સંસારમાં,
ગાજે ઉમંગે જગદીશતણાં ગાન-પ્યારા બાળક ઝુલો પારણે.
પ્રીત ધરી આ ભવમાં પુત્ર ના રમાડયો,
વૈભવ વેરાન બળે સુના સમશાન-પ્યારા બાળક ઝુલો પારણે.
સાચો સુકાની કોઇ જ્ઞાની ગુરૂ ખોળજે,
પામીશ આ અટપટા સમુદ્ર તણો પાર-પ્યારા બાળક ઝુલો પારણે.
દીવ્ય તારી કીરતી આ જગમાં ઝળકાવજે,
નીરમળ અંતરથી આરાધી કીરતાર-પ્યારા બાળક ઝુલો પારણે.

સંગીત ધ્વની બંધ થતાં, તે દિવ્ય પુરૂષના હૃદયમાં, આઘાત થયો, સંગીતમાં ઉભરાતાં પ્રેમ નીતી ઉપદેશ ને આનંદ પ્રતી, તેનું લક્ષ દોરાયું, પારણે ઝુલનાર તથા ઝુલાવનાર એ બંને ઉપર પ્રભુની કેવી પરમ કૃપા આ વિચારમાં લીન થતાં, તેનું હૃદય ધડકવા લાગ્યું. ઉંડો નીશ્વાસ મુકી પોતાની પર પ્રભુની અવકૃપા માટે દિલગીર થયો, તેવામાં દાસીએ આવી ઉષ્ણ જળ તૈયાર છે, એમ સુચના કરી, અસ્થીર હૃદયે સ્નાન કરી દેવ સેવામાં પ્રવર્ત થયો, વ્યથીત વૃત્તીને લીધે નિત્ય. કર્મની સત્વર સમાપ્તી કરી, નિત્ય નીયમ મુજબ બહાર ફરવા જવાનો સમય થતાં, નોકરોએ અશ્વ હાજર કર્યો, તે ઉપર આરૂઢ થઇ હૃદયની શાન્તીને માટે અનેક સ્થળો ફર્યો, વ્યગ્રચિત્ત શાન્ત થયું નહિ. તેના હૃદયમાં ઝુલણાના સંગીત ધ્વનીના ધબકારા પડતા હોવાથી, પાછો ફર્યો મહાલયમાં આવી મદોન્મત તરંગ અંતઃકરણમાં દોડતા હતા, તેને શાન્ત કરવા મહાલય અંદરના કુદરતી ચિત્રોનું અવલોકન કરવા લાગ્યો.

સભામાં પ્રવેશ કરતાં ત્યાં હાજર રહેલાને મહારાજાના આગમનની છડીદારે છડી લલકારતાં સુચના આપી, દીવાન સેનાપતી અમીર ઉમરાવને પ્રજા જનો વીગેરે, સૌ કોઇએ ઉભા થઇ નમન કરી આવકાર આપ્યો મહારાજ સિંહાસન પર બીરાજમાન થતાં, સર્વ જનો સ્વસ્થપણે પોતાને આસને બેઠા સભામાં શાન્તી પ્રસરતાં ગવૈયા ને નાયકાઓએ પોતાનો ઉપક્રમ ચાલુ કર્યો, મહારાજાને તેથી પણ કાંઇ આનંદ પ્રાપ્ત થયો નહિ, તેના હૃદયમાં પુત્ર અપ્રાપ્તીના મહાન તરંગો ઉછાળા મારતા હતા, પુત્ર વિના વૈભવ સંપતી અને સંસારની યાત્રા

વ્યર્થ છે. વીગેરે તર્ક કરતો મૌન ધારણ કરી, અસ્વસ્થ દિલે બેઠો તેની પાસે જયમલ નામનો એક વીનોદી કવિ હતો, તે કવી હમેશા સાહિત્યને હાસ્ય વિનોદથી મહારાજનું દિલ પ્રસન્ન રાખતો મહારાજાએ અશાન્તીમાંજ ચરણ બનાવી કવીને સંબોધીને કહ્યું "કવીરાજ" કોણ વિના સહુ ઠાઠ નકામા ?

બુધ્ધિનો ભંડાર અને અષ્ટ વિદ્યાની કવી મહારાજાના એકચરણના ભાવાર્થ ઉપરથી, તત્કાળ પાદ પુરતી પુરી કરી, નીચે મુજબ બોલ્યો.

સવૈયો–(મોકતી દામ.)

" સૂંદર મેલ અટંબર શોભિત ભૂષણ મંડિત યૌવન ભામા,
બાગ અથાગ ખિલેલ સુગંધિત નાચત કંચનિ સર્વ સમામાં;
કુંજર પીઠ તુરંગ ચડી નિત્ય જીંદગી ખેલત મોજમજામાં,
રત્ન ઝવાહીર સંપતિ સાગર પુત્ર વિના સહુ ઠાઠ નકામા." ૧

કવિરાજનો સવૈયો સાંભળતાં, મહારાજાના શોચાગ્નીમાં ધૃત હોમવા જેવું થયું, પ્રભાતમાં ઝુલણાના સંગીત ધ્વનીથી પ્રગટેલા અગ્નીએ પ્રચંડરૂપ ધારણ કર્યું.

કવિરાજ તમારૂં કાવ્ય અક્ષરસ્યઃ યથાર્થ છે, આજે પ્રભાતમાં પુત્રની અપ્રાપ્તીથી થતાં, કષ્ટનું ભાન મને થયું, વળી તમારૂં કાવ્ય સાંભળતાં તે વાત મારા અંતરમાં આળેખાઇ ગઇ, આટલું બોલી

મહારાજાએ એક ઉંડો નીશ્વાસ મુકયો, સભામાં હાજર રહેલા રાજ્ય પંડીત ક્ષણ ભર મહારાજાની મુખાકૃતી સામું જોઈ, થોડી વારે બોલ્યા મહારાજ આપની મુખ મુદ્રા પરથી ભાસ થાય છે કે, આપ પુત્રની અપ્રાપ્તીને લીધે ઉદાસ થયેલા જણાઓ છો, પણ આપને અફસોસ કરવા જેવું કોઇ પણ કારણ નથી. આપના જન્મ પ્રસંગે મારી બનાવેલી જન્મ પત્રીકામાં શાસ્ત્રને આધારે લખેલા જોતીષનું પ્રમાણ મને યાદ છે કે, ત્રીશ વર્ષની ઉમરે ત્રતીય પત્નીથી આપને અવશ પુત્રપ્રાપ્તી થશે, શાન્ત થાઓ ને વ્યથા ત્યાગો પંડિતના આ વાકયોથી મહારાજને સહજ શાન્તી થઇ, ને કચેરી બરખાસ્તનો હુકમ કરી પોતે જયમલ્લ કવિ સાથે એકાંત અવાસમાં ગયા, ને કચેરી મંડળ સૌ કોઇ પોતાને સ્થાનકે ગયું.

પ્રકરણ ૨ જું.

કવિરાજ સાથે એકાન્ત મહેલમાં આવ્યા પછી પુર્ણ સંપતીથી ખીલેલા પોતાના વૈભવોને નીહાળતાં, પુનઃ હૃદયાગ્ની પ્રજ્વલીત થયો, પંડિતના વાકયોનું વિસ્મરણ થયું તર્ક વિતર્કમાં ગુંચવાયો પુત્ર પ્રાપ્ત કયારે થસે, તે વિચારના અથાગ સાગરમાં ગરકાવ થયો, કવિ જયમલ્લ તુરત સમજી ગયો, ને બોલ્યો ચિંતા ન કરો મહારાજા, ધીરાજ જરા સાંભળો.!

કવાલી-ગઝલ.

કરે ચિંતા તણો રાહુ, કળા મુખ ચંદ્રની ઝાંખી,
સુનૂં આકાશ અંતરનું, પડે તે ચંદ્રની પાખી,
હુલાસી નેત્ર તારાનું, ઘટે છે તેજ ચિંતાથી,
શરીરની મધ્ય અંધારૂં, પ્રસરતું એજ ચિંતાથી.
ઝળકતા અંગ ઉમંગો, બધા નીસ્તેજ થાયે છે,
બધી આશા નીશાસામાં, ફીકર દરિયે ડુબાયે છે,
ફીકર અંધારમાં ફરતાં, કળા સહુ અસ્ત પામે છે
મનોબળ આત્મનું મોંઘુ, ફિકર ફંદે ગુમાવે છે.
જુઓ જ્ઞાને તપાસીને ફીકર શું છે જીગરને તો,
કર્યું થાશે જે કુદરતનું, મનાએ સત્ય મનને તો,
પરાધીનતા તજી મનની ધરોને શાંન્તીને સ્થાને.
ભરોસો ઇષ્ટનો રાખી, ચપળ ચિંતા નિવારોને.

મહારાજા હજુ થોડા ટાઇમ પર સભામાં પંડીતે કહેલ્યું વાક્ય આપ વીસરી ગયા ? રાજા બોલ્યો.

હરિગીત.

ચિન્તા તરંગોમાં સદા એક નવિન આશા ઉછળતી,
આશા તણા અંધારમાં છિનભીન મારી ગતી;

જે ગતીના ચિત વહુનથી, કલ્પો વિકલ્પો થાય છે.
તે પુત્રની આશા સદા, મુંજ જીગર શૂં જોડાઇ છે. ૧

કવિરાજ પંડિતનાં વાકય મને યાદ છે પણ આભ્રમણામાં મારૂં મન સ્થીર રહેતું નથી.

કવિરાજ બોલ્યા આપની આશા પરિપુર્ણ થવા પંડિતજીએ જે સુચના કરી છે, તે પર મને સમ્પુર્ણ વિશ્વાસ છે. કારણ કે પંડિતજી પુખ્ત વયના સમ્પુર્ણ વિદ્વાન ને જોતીષમાં મહા નીપુણ છે, માટે આપણા પુરોહીત દેવશર્માને બોલાવી, આપનું નવું વેવીશાળ કરવા વિદાય કરો.

મહારાજાએ તત્કાળ નોકરોને મોકલી દેવશર્માને બોલાવ્યા રાજ્ય પુરોહીત દેવ શર્માએ આવી આશીરવાદ આપ્યો, નોકરે આસન આપ્યું, તેના ઉપર બેસી દેવશર્મા બોલ્યો, રાજેંદ્ર શૂં હુકમ છે ! વચમાં કવિરાજ બોલી ઉઠ્યા, ગોર મહારાજ આપણા મહારાજા ધિરાજનું નવું વેવિશાળ કરવાનું છે, કારણ કે તમે વ્યવહારીક બાબતમાં પરિપુર્ણ અનુભવ મળવેલો છે, લાંબા વખતથી તમોને દેશ પરદેશના રજવાડામાં દરેક સ્થળે ગાઢ પરિચય છે, વળી તમારી અવલોકન શક્તી પણ વખાણુવા લાયક છે, તો તે કામ માટે તમેજ પધારો એમ મહારાજાની ઇચ્છા છે.

ભલે મહારાજાનો હુકમ, દેવશર્મા બોલ્યો,

ગોર મહારાજ કાલે સિધાવી અનુભવને અજમાવો, ને આપણા

મહારાજાનું લાયક કન્યા સાથે વેવિશાળ કરી આવો, અને વધામણી લઇને વહેલા આવો, કવિરાજે કહ્યું

તે ખાતે આપ નીશ્ચીંત રહો, દેવ શર્મા ઉમંગે બોલ્યો.

રૂચિરા છંદ.

લાજ વતી ગુણવંત નવેલી. કોમળ અંગી કુળવંતી,
કંચન વર્ણી મુગ્ધા ગોરી. જોબન રસમાં ઝલકંતી;
હંસ ગતી મૃગ નયની મનહર, ચંદ્ર સમી મુખ મલકંતી,
રાજ મહેલ શોભાવે એવી, કન્યા ગોતૂં રૂપવંતી. ૧
ચતુરા વિદ્યા સકળ ભણેલી, નારી નવોઢા ભાગ્ય વતી,
પ્રિય વદની લલના લટકાળી, ડાપણ વાળી હલમલતી;
કુળ શણગારણ અંગે નમણી, લંક કિશોરી લચકંતી,
રાજ્યમેલ શોભાવે એવી, કન્યા ગોતૂં રૂપવંતી. ૨

ધન્ય છે, તમારા ઉમદા વિચારો સાંભળી, મને અત્યંત આનંદ થાય છે, કવિરાજે કહ્યું.

પુરોહીત દેવશર્માને સાથે લઇ જવાની અલંકાર પોશાગ વીગેરે સામગ્રી આપી, ને પુરતા પૈસા પણ આપ્યા, અને ગોર મહારાજ ઘેર ગયા, થોડી વારે કવિરાજે પણ રજા લીધી, ઘર પ્રતી પ્રયાણ

કરતાં કવિ જયમલ્લ વિચાર કરવા લાગ્યો કે પુરોહિત મહારાજને ઠીક થી કેળાં થયાં, હવે પ્રસંગોપાત આપણે લાભ મેળવવા વિસ્મૃત થવું નહિ.

પ્રકરણ ત્રીજું.

રાજ્ય પુરોહીત દેવશર્મા ઘેર આવી, બીજે દીવસે પ્રભાતમાં મહારાજા કર્ણદેવનું વેવિશાળ કરવા રાજ્ય સ્થાનો પ્રતી રવાના થયો, ફરતાં ફરતાં અનેક રાજ્ય સ્થાનો જોયાં. જ્યાં કન્યા ત્યાં કુળ નહિ કુળ ત્યાં ગુણ નહિ ગુણ ત્યાં રૂપ નહિ. અનેક સ્થળે ફરતાં સર્વ ગુણ સંપન કન્યા મળી નહિ, ઘણો વખત વ્યતીત થયા બાદ ચંદ્રપુર નામના રાજ્ય સ્થાનમાં આવ્યો, ચંદ્રપુર શહેર ઘણું શોભાયમાન હતું, શહેરની નજીકમાં નીર્મળ જળથી ભરપુર એવી નદી વહેતી હતી, તેના ત્રટ ઊપર યુવાવસ્થાની નવોઢા સ્ત્રીઓ પાણી ભરતી હતી, ને અનેક મનુષ્યો સરીતાના શીતળ જળમાં સ્નાન કરતાં હતાં. આ દેખાવ જોઈ, દેવશર્માને કુદરતી રીતે આનંદ થયો, તેનુ હૃદય પ્રફુલ્લ થયું, ત્યાં સ્નાન સંધ્યા આદી નીત્ય કર્મ કરી, દેવશર્મા નગરમાં જવા સજ થયો, ત્યાં કાળા પત્થરથી બાંધેલા નદી ત્રટ પર ઝુકી રહેલા ગઢ પ્રતી તેનું લક્ષ દોરાયું. ક્ષણ ભર જોઇ રહ્યો, ને તેના

બનાવનારાઓને ધન્યવાદ આપી નગરમાં દાખલ થયો, તે ચોતરફ જતાં વિશાળ રસ્તાઓ ઉંચા ઝરૂખા વાળી ગગન સાથે વાર્તાલાપ કરતી હવેલીઓ ભવ્ય અને રમણીક ચોક, બજારમાં વ્યાપાર્થે લાગી રહેલી મનુષ્યોની ધમાલ વીગેરે જોઇ દેવશર્મા સ્તબ્ધ બની ગયો, આગળ ચાલ્યો થોડે દુર જતાં નગરના મધ્ય ભાગે એક મહાલય પર વીજય પતાકા ફરકતી જોઇ ને ખુલ્લા શસ્ત્રાથી પહેરો ભરતા પહેરગીરો પણ જોયા, આથી દેવશર્માને શંકા પ્રાપ્ત થઇને પહેરગીરને પૂછ્યું, ભાઇ આ કોનું મહાલય છે ?

મહારાજ આ રાજ્ય મહેલ છે, તમો કયાંથી આવો છો, પહેરેગીરે પૂછ્યું.—

હું દુર દેશાવરથી આવું છું, રાજ્ય સભામાં જવા મારી ઇચ્છા છે, દેવશર્માએ કહયું.

બહુ. સારૂં મહારાજ ખુશીથી સીધાવો, આર્ય રાજાઓના નીયમ મુજબ વગર અટકાયતે પહેરગીરે દેવશર્માને રાજ્યમાં દાખલ થવા દીધો.

રાજ્યગઢમાં આગળ જતાં એક બીજે દરવાજે આવ્યો, ત્યાં બેઠેલા વ્યવસ્થાપકે દેવશર્માની અથ ઇતી વાત સાંભળી, તેને યોગ્ય ઉતારો આપી, પોતાના મહારાજા જયકેશાની ભવ્ય કચેરીમાં દાખલ કર્યો, કચેરીનો દેખાવ અને ભવ્ય રચના નીચે મુજબ જોયાં.

પદ્ધરી છંદ.

શોભેકચેરિ નવ રંગ ભાસ, મણિ કનક રંગ પ્રગટયો ઉજાસ,
તોરણો રત્નનાં ધર્યાં તખ્ત, તખતા હુલંબી ઝળકે પ્રતક્ષ. ૧
ઝુમ્મરો લટકતાં મધ્ય સ્થાન, નાયકા કરત સંગીત ગાન,
પાથર્યાં હિંગળ નવલ પાટ, બેઠા સુધીર શુરવીર થાટ. ૨
કવિ કરત કાવ્ય રસનો વિનોદ, મન રંજ વધ્યો મંડળ પ્રબોધ,
મણિ જડિત તખ્ત આસન અનૂપ, બેઠો બળિષ્ટ બહાદૂર ભૂપ,
તન ધર્યાં રત્ન મંડન અમૂલ્ય, અરિ સમન ગર્વ બળીઓ અતૂલ્ય,
સમશેર હસ્ત ધારી પ્રચંડ, નરમણી શત્રુ દળબળ વિખંડ. ૪
નીતી નિપૂણ નૃપ ધર્મ રાજ, રણધીર પટાવત ભટ સમાજ,
નર ન્યાયવંત પાસે પ્રધાન, વિદ્વાન પ્રજા હિતકર સુજાન. ૫
સહુ સભા અંગ ભાસત હુલાસ, અંતર અખંડ ઉછરંગ આસ,
ઝળકંત ચંદ્ર રાજેન્દ્ર ભાલ, શોભે કચેરિ આભા વિશાળ. ૫

જય થાઓ ક્ષાત્ર મણી જયકેશીનો જય થાઓ એ પ્રમાણે આશીર્વાદ આપી, વિમળસીંહની નજીક ગયો, રાજા જયકેશીએ ઊભા થઇ, યોગ્ય સત્કાર કરી આસન આપ્યું.

ભૂદેવ કયાં રહો છો ? અત્રે શા પ્રયોજનાર્થે આપનું આગમન થયું ? પ્રધાને પૂછયું.

હું ગુર્જર દેશમાં આવેલા પાટણના રાજા કર્ણદેવનો રાજ પુરોહીત છું, આપના મહારાજા ધીરાજને ત્યાં એક કન્યા છે તેમની સાથે અમારા રાજા કર્ણદેવનું વેવિશાળ કરવા આવેલો છું, દેવશર્માએ કહ્યું

દેવશર્માની નમ્રતાને વિદ્વતાનો ભાસ આ નવી કચેરીમાં પડયો, પ્રધાન અને જયકેશીએ અરસ પરસ એક બીજા પ્રત્યે જોયું બેઉની ઇચ્છા કાંઇ કહેવાની જણાઇ, જેથી મહારાજાએ પ્રધાનને પોતાની નજીક બોલાવીને કહ્યું, પ્રધાનજી પાટણના મહારાજા કર્ણદેવની સુકીર્તી જગત્ વિખ્યાત છે. રાજ્ય પણ મોટા વૈભવ વાળું છે, તો આ બાબત તમારી શું સલાહ છે.

મહારાજા, બેન મીનળદેવીની ઉમર લગભગ ચૌદ વર્ષની થઇ છે, ક્ષત્રી રીવાજ મુજબ આપણે પંદરમેં વર્ષે અવશ તેનાં લગ્ન કરવાં જોઇએ, આપના કહેવા મુજબ રાજ્ય પણ ઠીક છે, તો પછી લક્ષ્મી ચાંદલો કરવા આવે તો મોં ધોવા જવા જેવું કરવું નહિ, પ્રધાનને કહ્યું.

આટલી વાત થયા પછી પ્રધાને દેવશર્માને વેવિશાળ સબંધમાં આશ્વાસન આપ્યું, ને મહારાજાની સમ્પુર્ણ ઇચ્છા છે; પરંતુ આવતી કાલે પ્રભાતમાં તે મંગળ કાર્ય કરીશું.

પછી દેવશર્માને માટે ખાવા પીવાનો બંદોબરત કરાવી, શ્રમીત થયેલા હોવાથી શાન્તી લેવા પ્રધાને કહ્યું.

રાજા જયકેશી કચેરી બરખાસ્ત થતાં, રાણીવાસમાં ગયા અને રાણીની સન્મતી લીધી. બીજે દીવસે પ્રભાત થતાં મહારાજા જયકે-

શીએ પુરોહીત દેવશર્મા તથા પોતાના રાજ્ય પુરોહીતને બોલાવી, શુભ ચોઘડીયામાં મીનળદેવીના વેવિશાળનું મંગળ કાર્ય શરૂ કરૂં.

દેવશર્માએ પોતાના મહારાજા કર્ણદેવ તરફથી પોશાગ શણગાર વીગેરે ત્યાં રજુ કર્યા, દાસીઓએ મંગળ ગીતાંજલી પ્રારંભ કરી, તે કાર્યને અનુમોદન આપ્યું. રાજ્યગઢમાં મહારાજાની આજ્ઞાનુસાર મંગળ વાજીંત્રો વાગવાં શરૂ થયાં, ચોતરફ હર્ષનો ધ્વની ફેલાઇ રહ્યો.

પ્રકરણ ૪ થું.

આ સમયે રાજ્ય કુંમારી મીનળદેવી ગૌરી પુંજન માટે ગયેલી હતી, ગૌરી પુંજનની સમાપ્તી કર્યા પછી દેવાલયની આસપાસ આવેલા બગીચામાં બધી સખીઓ સાથે હાસ્ય વિનોદમાં ગુંથાઇ.

આ દુનીયામાં કઇ સ્ત્રીને વધારે દુઃખ હશે ? મીનળદેવીએ કહ્યું.

બા સાહેબ નીર્માલ્ય પતી મળે તેને ! હંસાવલીએ કહ્યું.

સખી નીર્માલ્ય પુરૂષ કોને કહે છે ? મીનળદેવી બોલી.

બા સાહેબ સાંભળો ત્યારે હસાવલી બોલી.

દોહરો.

કામિ કૃતઘ્ની કર્મ હીણ, કુટિલ કુલક્ષણ કુંપ,
અભણ ઉછંકળ આળસુ, કુળ કલંક કદરૂપ. ૧

ત્રીભંગી છંદ.

કદરૂપ કઢંગો કાજળ રંગો, નીંચ લફંગો ગર્વ ઘણો,
વહેમી વંઠેલો વ્યસની ઘેલો, મુરખ છકેલો અકલ તણો;
ઝેરી બહુ નયને કરડો વચને, પાપ વિષયને પંથ પળ્યો,
ભરથાર લબાડી, મળ્યો અનાડી, ભવ તે લાડી તણો બળ્યો. ૧

જગનો ધુતારો જીભે ખારો, કરે લવારો અણઘટતો,
કરપણ કૂટારો ભૂખનો ભારો, નાથ નઠારો જગ નડતો
બદ ફેલી ફંદી, સદા સ્વછંદી, હાલ ગંદીમાં રઝળ્યો,
ભરથાર લબાડી, મળ્યો અનાડી, ભવ તે લાડી તણો બળ્યો. ૨

જૂગટીઓ જારી, વેશાચારી, કરે ખુવારી લાજ તણી,
ખુશામત ખોરી, અંગ અઘોરી, ચૌટે ચોરી કરે ઘણી;
અપજશનો દરિયો, કુમતી ભરિયો, ફોગટ ફરિયો ભવ સઘળો,
ભરથાર લબાડી મળ્યો અનાડી, ભવ તે લાડી તણો બળ્યો. ૩

ડાપણમાં ડાચો ફરે હરાયો, નમળે પાયો ધંધામાં,
પર નિંદા કરતો, જરા ન ડરતો, ફોગટ પડતો ફંદામાં

શોખીન ચળેલો, જડ સુધરેલો, મનનો મેલો ધુળ મળ્યો,
ભરથાર લબાડી મળ્યો અનાડી, ભવ તે લાડી તણો બળ્યો. ૪

ખોટો અંતરમાં, વેરી ઘરમાં, નમળે નરમાં ગુણ ખરો,
કરણીનો કડવો ઉન્મત અડવો, દંભી છડવો દોષ ભર્યો;
દિલ ન દયા ધારી, પેટ વધારી, જુલ્મ ગુજારી દ્રવ્ય રળ્યો,
ભરથાર લબાડી મળ્યો અનાડી, ભવતે લાડી તણો બળ્યો. ૫

સખી તારૂં કહેવું સત્ય છે, પુર્વે પુર્ણ પાપ કર્યાં હોય ત્યારે એવા પતીની પ્રાપ્તી થાય, મીનળદેવીએ કહ્યું.

બા એવો કોઇને પતી મળ્યો હોય તો ? હંસાવલીએ કહ્યું.

એવો પતી મળ્યો, તો કન્યાનો અવતાર બળ્યો, મીનળદેવીએ કહ્યું.

બા આતો હાસ્ય વિનોદની વાત છે. દરેક ઉત્તમ ગુણવાળી સ્ત્રીને માટે ઉત્તમ ગુણવાળો પુરૂષ જોઇએ, હંસાવલીએ કહ્યું.

કેવા ગુણવાળો ઉત્તમ ગણાય છે ? મીનળદેવીએ કહ્યું.

આ સાંભળો, હંસાવળી વર્ણન કરવા લાગી.

સવૈયો.

સુંદર રૂપ ચતૂર સુલક્ષણ, ધીરજવંત સદા, હઠ ત્યાગી,
ન્યાય નિપૂણ પ્રવીણ વિચક્ષણ, રક્ષણ ધર્મ તણો અનુરાગી;

સજ્જન મંડન સત્ય કળા તન, ગૌરવશીલ સુલક્ષ સુહાગી,
કંથ મળે કુળ કીર્તી ઉજાળણુ, સુંદરી એજ સદા સદ્દભાગી. ૧

હંસાવલી વર્ણન કરી રહી ત્યાં દોડતાં આવી, એક દાસીએ વેવિ-શાળની વધામણી આપી.

સાથે રહેલી સખીઓએ મીનળદેવીને ઘેરી લીધી, અને સર્વના આનંદનો પાર રહ્યો નહિ. સ્મીત હાસ્ય કરતી સહુ મલકાવા લાગી, ને મીનલદેવીનું અંતર તો પુર્ણ આનંદથી પ્રફુલ થતાં ઉછળવા લાગ્યું, થોડો વખત આનંદ કરી મીનળદેવી પોતાના સખી મંડળ સાથે મહાલયમાં આવી, તેની માતુશ્રીએ સ્વભાવીક રીવાજ મુજબ તેના પતી તરફથી આવેલોશણગાર પહેરાવ્યો, મીનળદેવી હૃદયમાં મલકાતી પોતાનું સૌંદર્ય નીહાળવા લાગી, ને દાસીને પુછ્યું ! સખી ચંદ્રાવલી આજે મારૂં સ્વરૂપ કેવું જણાય છે ?

બા સાહેબ સાંભળો. ચદ્રાવલી બોલી.

દોહરો.

સખિ તુજ મનહર રૂપનું, વરણન કરશું આજ.
અલક વેણી શિર પર બની, શામ વરણ ફણિરાજ

આ સાંભળી મીનળદેવી બોલી, વાહ! બહુ અતિશયોકિત વાપરી આ પ્રમાણે હાસ્ય વીનોદ કરતાં સહુ ભોજનાલયમાં આવ્યાં ત્યાં જયકેશીએ તથા તેની રાણીએ મીનળદેવીને વેવિશાળની વાત જણાવી અને સઘળાં આનંદિત થયાં.

આ તરફ ગોર મહારાજ દેવશર્મા ત્યાંથી રજા લઇ પાટણ આવ્યો ને કર્ણદેવને વધામણી આપી કર્ણદેવ ઘણો હર્ષિત થયો ને સર્વને બક્ષીસો આપી આ વાત કર્ણદેવની જુની રાણીઓને ખબર પડતાં ઘણી ઉદાસ થઇ તેથી જયમલ કવિને બોલાવીને કહ્યું કે આ વેવિશાળ તુટી જાય એવો રસ્તો થાય તો ઠીક નહિતર અમારૂં માન ઘટશે એમ કહી રાણીઓએ કેટલાક પૈસા આપ્યા, કવિ લાંચ લઇ ઘેર આવ્યો કેટલેક દિવસે કર્ણદેવે કવિને ચંદ્રપુર મીનળદેવીના રૂપરંગની તપાસ કરવા મોકલ્યો, કવિ તેના કહેવા પ્રમાણે ચંદપુર આવ્યો. ને પછી ઘેર આવી કર્ણદેવને કહયું કે મીનળદેવી રૂપ વગરની છે, આપને લાયક નથી. આથી કર્ણદેવે મીનળદેવી સાથે લગ્ન કરવાં નહિ એવો નીશ્ચય કર્યો પણ અંતે રાજ્ય રીત પ્રમાણે તેની સાથે લગ્ન કરવાં પડયાં લગ્ન કર્યા પછી મીનળદેવીને રૂપ વગરની જાણી તેને જુદા મહેલમાં રાખી તેનો ત્યાગ કર્યો, મીનળદેવીએ આ વાત પ્રધાન-મુંજાલને કહી મુંજાલે ધીરજ આપીને કહયું કે સમય આવે રાજાને મેળવી આપીશ કેટલેક દીવસે નામુંજાલા નાયકા નાચવા આવી તેના ઉપર કર્ણદેવ મોહીત થયો, અને પ્રધાનને સુચના કરી કે આજે રાત્રે આ નાયકાને મારે મહેલે મોકલજો. તેના બદલામાં મુંજાલે મીનળદેવીને નાયકાનો પહેરવેશ

પહેરાવી મોકલી, રાજા કર્ણદેવ તેનું સૌંદર્ય જોઇ પ્રસન્ન થયો, અને ત્યાં મીનળદેવીએ પ્રસીધ્ધ થઇ રાજાની શંકા દુર કરી, કર્ણદેવે મીનળદેવીને પોતાની માનીતી પટરાણી બનાવી કવિની ખોટી ખપટથી તેનું વર્ષાસન બંધ કર્યું કેટલેક દિવસે મીનળદેવીને ગર્ભ રહયો, જુની રાણીઓને આ વાતની ખબર મળતાં એક જાદુગર પાસે મીનળદેવીને સંતાન ન અવતરે એવો પ્રયોગ કરાવ્યો, તેથી મીનળદેવી ઘણી દુખી થવા લાગી, છેવટે કર્ણદેવની આજ્ઞા મેળવી, જાત્રા કરવા નીકળી ત્યાં એક વિદ્વાને જાદુગરનો પ્રયોગ નીષ્ફળ કર્યો ને મીનળદેવીને પુત્ર જયદેવ અવતર્યો ત્યાંથી જાત્રા કરી ઘણું પુન્ય દાન કરી પાટણ આવી આ ખટપટની વાત બધી કણદેવને કહી જેથી કણદેવે જુની રાણીઓને ફીટકાર આપ્યો, અને તેમની ફરનો સખ્ત પહેરો રખાવી તેનો બંદોબસ્ત કરાવ્યો. અને મીનળદેવી ત્થા કર્ણદેવ આનંદમાં જીંદગી ગુજારવાં લાગ્યાં.

વાતનો સાર.

નીતિ કલ્પતરૂ સેવતાં, મન ઇચ્છિત ફળ થાય.
ઇર્ષા ખોર અનીતિથી, અંધારે અથડાય: ૧

સમાપ્ત.

સ્વદેશી ઉત્તમ ભોજનગૃહ

ઉત્તમ ખોરાક અને દરેક મેંબરોને જમવાને માટે

ઉત્તમ સગવડ.

એકવાર પધારો અને ખાત્રી કરો.

વીશેષ માહીતી માટે મેનેજરને મળો.

જોશી ભાનુશંકર દલસુખરામની કું૦

ઠે૦ ગોકળદાસ તેજપાળ સ્કુલની બાજુમાં

બાલુભાઈ કાનદાસના માળામાં પેલે માળે

મુ. મુંબઇ,